ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને બે નાયબ મ્યુનિસિપલ કમિશનર બદલાયા

### કલેક્ટર તરીકે હિતેષ કોયા અને મ્યુનિસિપલ કમિશનર તરીકે જે. એન. વાઘેલા નિયુક્ત કરાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના કલેક્ટર, ગાંધીનગર મનપાના કમિશનર તેમજ બે નાયબ મ્યુનિસિપલ કમિશનરોની આજે સાંજે બદલીના હુકમો જારી કરવામાં આવતા અધિકારીઓની બદલી ટોક ઓફ ધ ટાઉન બનેલ છે.

ગાંધીનગરના કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે.ને અમદાવાદ કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે ગાંધીનગર કલેક્ટર તરીકે સાબરકાંઠા કલેક્ટર તરીકે ફરજો બજાવતા હિતેષ કોયાને નિયુક્ત કરવામાં આવ્યા છે.

હિતેષ કોયાએ ગાંધીનગરમાં અગાઉ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજો બચાવી હતી જે નોંધનીય છે.

ગાંધીનગર મનપાના કમિશનર સંદીપ સાંગળેને રાજ્યના નવા ઉદ્યોગ કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે. સાંગળેએ મનપામાં ટુંકાગાળામાંજ વહીવટીય પરિવર્તનની ઝુંબેશ હાથ ધરવા ઉપરાંત વેરા વસુલીને આક્રમક કરી નવા વિક્રમો સ્થાપિત કર્યા છે જે નોંધનીયછે.

ગાંધીનગર મનપાના નવા કમિશનર તરીકે ૨૦૧૪ની બેચના સનદી અધિકારી જે. એન. વાઘેલાની નિમણુંક કરાઈ છે. વાઘેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજો બજાવતા હતા.

ગાંધીનગર મનપામાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજો બજાવતા ગુણવંતસિંહ સોલંકીને રાજ્ય અધિક વેરા કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર મનપાના બીજા નાયબ મ્યુનિસિપલ કમિશનર સી. એમ. ત્રિવેદીને અમદાવાદ કોર્પોરેશનમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મનપામાંબે નાયબ મ્યુનિસિપલ કમિશનરોની જગ્યા ખાલી રહેવા પામી છે.

# શહેરમાં કોરોનાના ૯ કેસ, ગ્રામ્યમાં ૧ કેસ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૯ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧ કેસ નોંધાયો છે. શહેર-જિલ્લામાં કોરોનાએ પકડેલી ગતિને લઈ તંત્રની ચિંતા વધી છે. નવ કેસ નોંધાયા છે. જેમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ત્રણ સીનીયર સીટીઝન છે. આજે નોંધાયેલા કેસોમાં એક દર્દી પાલનપુરથી પરત આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આઈઆઈટીમાં બે દિવસમાં કોરોનાના ૩ કેસ નોંધાયા છે.

સે. ૭માંથી ૭૮ વર્ષીય મહિલા, સે. ૧૯માંથી ૨૩ વર્ષીય યુવાન તેમજ સે. ૨૮માંથી ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ નોંધાયો છે. આ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. ગાંધીનગરના દોલારાણા વાસણા ગામે આ કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાની પૂર્વ પટ્ટીમાંથી આ વખતે કેસો વધુ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં યુવાઓ વધુ સંક્રમિત થઈ રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

### કુડાસણમાં ૩, સરગાસણ, સે. ૭, ૧૯, ૨૮, ઈન્ફોસીટી અને આઈ.આઈ.ટી.માંથી કેસ મળ્યા : ગાંધીનગર તાલુકાના દો. વાસણા ગામેથી એક કેસ મળી આવ્યો

સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે તંત્રએ તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ નોંધાતા ગ્રામ્ય વિસ્તારના અત્યાર સુધીના કેસોની સંખ્યા ૫૦૫૨ પહોંચી છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા પણ ૧૦૦ થઈ ગઈ છે.

શહેર-જિલ્લામાં કોરોનાએ જે ગતિ પકડી છે તેમાંય અગાઉની લ્હેર વખતે સંવેદનશીલ વિસ્તારો જે ઉભરી આવ્યા હતા તેમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં મોટીવયના દર્દીઓની સંખ્યા વધી રહી છે તેથી તંત્રએ હવે તેની કામગીરીને વેગીલી બનાવી છે.

ગાંધીનગર શહેરમાં આજે શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૩ કેસ, સરગાસણમાં ૧ કેસ, સેક્ટર-નેમાં ૩ કેસ તેમજ ઈન્ફોસીટી અને આઈ.આઈ.ટી.માંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ કુડાસણમાંથી ૬૪ વર્ષીય વૃદ્ધ, ૫૦ વર્ષીય પુરૂષ તેમજ ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સરગાસણમાંથી ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર આઈ.આઈ.ટી.માંથી આજે વધુ એક વિદ્યાર્થી સંક્રમિત થઈ છે. આવ્યો છે. ઈન્ફોસીટીમાંથી ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સર્વેલન્સ સઘન કરવા માટેની સૂચનાઓ આપી છે.

તંત્રએ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી થાય તે જોવા પણ તાકીદ કરી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૩૮ કેસ નોંધાયા

### એક્ટિવ કેસની સંખ્યા ૨૩૧૦એ પહોંચી : અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૨૬૮૮૩૭ લોકો ડીસ્ચાર્જ થઈ ચૂક્યા


ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં આજે કોરોનાના નવા ૩૩૮ કેસ નોંધાયા છે. જ્યારે આજે ૨૭૪ દર્દીઓ કોરોનામાંથી સાજા થયા છે. સુરતમાં એક વ્યક્તિ કોરોના સામેની જંગમાં હારી ગયો છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૨૩૧૦એ પહોંચ્યા છે.

રાજયમાં હાલ કુલ દર્દીઓની વિગત જાણીએ તો ગુજરાતભરમાં ૨૩૧૦ એક્ટિવ કેસ નોંધાયા છે, જ્યારે ૦૫ વેન્ટીલેટર પર છે. તેમાંથી ૨૩૦૫ દર્દીઓની હાલત સ્ટેબલ છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૨૬૮૮૩૭ લોકો ડીસ્ચાર્જ થઈ ચૂક્યા છે. જ્યારે કુલ ૧૧૦૫૫ લોકોના મોત થયા છે. મહત્વનું છે કે, ગુજરાતમાં વધતા કોરોના કેસને લઈ આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

# ચૈત્રનુ આગમન પણ આકાશે અષાઢ ચઢ્યો

### મોસમ પલ્ટાથી સવારે ઠંડીનો ચમકારો : નગરજનો ત્રેવડી ઋતુની અસરથી પ્રભાવિત : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૮૦ થી ૮૪ ટકા



ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં રોજબરોજ છવાતા વરસાદી વાદળો વચ્ચે આજે પણ શહેરમા સાંજના સમયે આકાશમાં વાદળો ગોરંભાયા હતા. ગઈકાલે પણ વાદળિયા વાતાવરણના લીધે વરસાદી છાંટણા પડયા હતા જયારે આજે વાતાવરણ પલ્ટા દરમિયાન વરસાદી છાંટણા બાદ રોજના ક્રમ મુજબ મોસમનો મિજાજ યથાવત રહ્યો હતો. જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો ૪ ડીગ્રી ગગડયો હતો. સવારે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. જેના લીધે વહેલી સવારે મોર્નિંગ વોકમાં જનારાઓ પણ ગરમ ટોપીમાં સજ્જ જોવા મળ્યા હતા.

સમગ્ર રાજયમાં ભર ઉનાળે અષાઢી માહોલ વચ્ચે રોજબરોજ વાતાવરણમાં પલ્ટો જોવા મળે છે. આકરી ગરમીના દિવસોમાં નગરજનો સવારે ગરમ કપડા પહેરવાની ફરજ પડે છે રોજ સાંજ ઢળતા જ આકાશી નઝારો બદલાઈ જાય છે. ઉનાળો અદ્રશ્ય થઈ ગયો છે. મહત્તમ તાપમાન ૩૦ થી

● અનુસંધાન પાન-૭ પર

# રેલ્વે ઓવરબ્રીજ બાંધવા ક-૬ થી ખ-૬ નો માર્ગ બંધ કરાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર-કોલવડા માર્ગ પર રેલ્વે ઓવરબ્રીજના બાંધકામને લઈ ક-૬ થી ખ-૬ સુધીના માર્ગને બંધ કરવા અંગે તેમજ તે માર્ગ પરના વાહન-વ્યવહારને ડાયવર્ઝન આપતા આદેશો જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર ભરત જોશીએ જારી કર્યા છે.

અધિક નિવાસી કલેક્ટર દ્વારા પોલીસ અધિનિય ૧૯૫૧ની કલમ ૩૩(૧)(અ)થી મળેલ સત્તાની રૂએ ક-૬ થી ખ-૬ સુધીનો રસ્તો તમામ વાહન-વ્યવહાર માટે પ્રવેશ પ્રતિબંધીત કરવામાં આવે છે.

બંધ કરેલ માર્ગનો તમામ ટ્રાફિક ક-૭ થી ખ-૭ થઈ ખ-૬ સુધી તેમજ ક-૭ થી ક-૬ થઈ ક-૫ સુધી થઈ જઈ શકે તેમ ડાયવર્ટ કરવાનો રહેશે.

સે. ૨૫ અને સે. ૧૬ના આંતરિક એપ્રોચ રોડ કે જે ક-૬ થી ખ-૬ની વચ્ચે મળે છે તેનો ટ્રાફિક સેક્ટરના અન્ય એપ્રોચ રોડ પર ટ્રાફિક ડાયવર્ટ કરવાનો રહેશે.

આ ઓવરબ્રીજનું નિર્માણ રૂ. ૫૪ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. આ અંગેનો વર્ક

● અનુસંધાન પાન-૭ પર

# ગ-માર્ગને સિકસલેનની કામગીરી આગામી ચોમાસા પૂર્વે પુર્ણ કરાશે

### ગ-માર્ગને અનુલક્ષી ડામરના આખરી લેયર અને રોડ ફર્નિચરનુ કામ હાથ ધરાશે : આગામી જુન મહીના સુધીમાં કામ પુરુ કરવાનુ આયોજન

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં ગ માર્ગને સિકસલેન બનાવાનો પ્રોજેક્ટ લાંબા સમયના અંતે પણ આખરી થયો નથી. ગ માર્ગને અનુલક્ષી ડામર કામના એક લેયરનુ કામ બાકી છે. જો કે હજુ રોડ ફર્નિચરનુ કામ બાકી હોવાથી ટુંકમાં જ આ કામગીરી પણ શરૂ કરાશે. ગ માર્ગના બ્યુટીફિકેશન અને માર્ગ સલામતીને અનુલક્ષી કેટ આઇ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવા સહીત જરૂરી કામગીરી આખરી કરવા માટે હવે ટુંકમાં કામ હાથ ધરાશે. ચોમાસાની શરૂઆત પુર્વે અલબત્ત જુન મહીના પહેલા રોડ ફર્નિચરનુ કામ પણ પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. નગરના ગ માર્ગને સિકસેલન કરવાની કાર્યયોજના કોરોના કાળ પહેલા શરૂ કરવામાં આવી હતી પરંતુ કોરોનાના સમયગાળમાં પણ માર્ગનુ કામ લાંબા સમય સુધી બંધ રહ્યુ હતુ જયારે ગ- ૪ પાસે અન્ડર પાસની કામગીરીમાં પણ વિલંબ થયો હતો અલબત્ત લાંબા સમયના અંતે ગ માર્ગને સિકસલેન બનાવાની યોજના હવે પુર્ણ થશે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી પાણી ગટર લાઇનની કામગીરીના લીધે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરાના આંતરિક વિસ્તારમાં માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી સેકટરોના આંતરિક વિસ્તારમાં રોડ નેટવર્ક ચિથરેહાલ છે. અલબત્ત આંતરિક માર્ગોની હાલત અત્યંત ખરાબ છે. જયારે અધુરામાં પુરુ સ્ટોર્મ વોટર લાઇનના ટુકડા જોડવા માટે હાથ ધરાયેલી કામગીરીના લીધે માર્ગો પર બુલડોઝર ફરી વળતા રસ્તાની હાલત વધુ ખરાબ થઇ છે. જેના લીધે હાલ સ્થાનિકો પરેશાની વેઠી રહ્યા છે. બીજીતરફ શહેરના ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ બે ટુકડામાં માંડ પુરુ થયુ છે. જયારે હજુ પણ સેકટરોના આંતરિક માર્ગો સહીત અન્ય ઉભા આડા માર્ગોનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. આ ઉપરાંત નગરના મુખ્ય ગ માર્ગને સિકસલેન બનાવાની યોજના હજુ આખરી થઇ નથી. ગ માર્ગને અનુલક્ષી હજુ એક લેયરનુ ડામર કામ બાકી છે. જેના અંતે માર્ગ રીસરફેસીંગનુ કામ આખરી થશે. જયારે આસપાસ કેટલાક નમી પડેલા વૃક્ષો અને ડાળીઓનુ ટ્રીમીંગ કરવાનુ પણ અનિવાર્ય છે. આ મામલે સ્થાનિકો દ્વારા પમ અવારનવાર રજુઆતો કરવામાં આવી છે. આમછતા હજુ સુધી વનતંત્ર દ્વારા કોઇ કામગીરી કરવામાં આવી નથી. અલબત્ત માર્ગના વાઇડનીંગના કામ બાદ આસપાસ નડતરરૂપ અવરોધો પણ દુર થયા નથી. ગ માર્ગ પર રોડ

● અનુસંધાન પાન-૭ પર




જી.૨૦ સંદર્ભની બેઠકોનો દોર એક પછી એક ચાલી રહ્યો છે. ગાંધીનગરમાં ઘણી બેઠકો યોજાવાની હોઈ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવી રહ્યુ છે. ખ-૩ સર્કલને જી.૨૦ના સભ્ય દેશોના ફલેગથી સજાવવામાં આવ્યુ છે. ફલેગના કારણે આખુ સર્કલ ખૂબ જ આકર્ષક લાગી રહ્યુ છે.

# શહેરમાં આગામી ગરમીના દિવસોમાં પાણીનો પોકાર ઉઠશે

### પાણી શુધ્ધિકરણ અને સંગ્રહ વ્યવસ્થાપનમાં સુધારના અભાવે ગરમીમાં પાણીની ફરિયાદો વધશે : પાણીની સમસ્યાને ડામવા માટે વ્યવસ્થાપન ક્ષમતા વધારવી અનિવાર્ય : હજુ ગરમી શરૂ થઇ નથી ત્યારે આકરા ઉનાળે સેકટરોમાં પાણીની પોકાર ઉઠે તેવી સંભાવના

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે સેકટરોમાં પાણીની નવી લાઇન નાંખવા માટે કામ ચાલી રહ્યુ છે. જો કે આ પ્રોજેકટ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે બીજીતરફ આકરી ગરમીના દિવસો નજીકમાં છે ત્યારે પાણીના વધતા વપરાશ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી સેકટરોમાં પાણી સપ્લાય કરવા માટે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સહીત સંગ્રહ ક્ષમતા વધારવાની અનિવાર્યતા છે. સેકટરોમાં પાણીની ફરિયાદોને ડામવા માટે શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા વધારવી પડે તેમ છે. આવા સંજોગોમાં આગામી દિવસોમાં આકરી ગરમી વચ્ચે સેકટરોમાં પાણીનો પ્રશ્ન વધુ પેચીદો બને તેવી સંભાવના પણ નકારી શકાય તેમ નથી.

ગાંધીનગરમાં હાલ ગરમીના દિવસોની હજુ શરૂઆત થઇ નથી ત્યારે પણ સેકટરોમાં સમયાંતરે પાણીનો પ્રશ્ન ઉદભવે છે. સેકટરમાં સપ્લાય થતી પાણી વિતરણ વ્યવસ્થા અગાઉ બે ઝોનમાં વહેંચાયેલી હતી અલબત્ત વર્ષો પુર્વે નગરના જુના અને નવા સેકટરોમાં સવારે અને સાંજે એમ બે ભાગમાં સપ્લાય આપવામાં આવતો હતો. જો કે તેવા સમયે પણ પાણીની સમસ્યા નહીંવત હોવાનુ પણ નગરજનો જણાંવી રહ્યા છે. જયારે હાલની સ્થિતિએ કોમન સપ્લાય આપવામાં આવે છે. જયારે સેકટરોની વસતી અને વિકાસ મુજબ પાણીની જરૂરિયાત અને વપરાશ પણ વધ્યો છે. સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણી ગાંધીનગરમાં સપ્લાય કરવામાં આવતુ હોવાની વાતો વચ્ચે સેકટરોમાં છાશવારે પાણીની બુમ ઉઠે છે. જો કે હાલની પાણીની લાઇન પણ જુની અને પર્યાપ્ત ન હોવાનો મુદ્દો પણ મુખ્ય બન્યો છે ત્યારે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા તંત્રને અપાતા ટ્રીટેડ વોટરનો સપ્લાય પણ ઘણીવાર પુરતો મળતો ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં હજુ ગરમીના દિવસો શરૂ થયા નથી ત્યાં વરસાદી માહોલ વચ્ચે પણ સેકટરોમાં પાણીની પોકાર પડતી રહે છે. જયારે પાણીના પ્રશ્ન મામલે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા અને સંગ્રહ કરવાની વ્યવસ્થા પણ પર્યાપ્ત ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. એકબાજુ નવા શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવાનુ પણ કામ ચાલી રહ્યુ છે. જો કે હજુ આ પ્લાન્ટ કાર્યરત થતા સમય લાગે તેમ છે. ત્યારે હાલ પાણી શુધ્ધિકરણ અને સંગ્રહના મામલે સક્ષમ વ્યવસ્થા ન હોવાના લીધે પણ પાણીની સમસ્યા ઉદભતી હોવાનુ મનાઈ રહ્યુ છે. અગાઉ આ મામલે તંત્ર દ્વારા પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ

● અનુસંધાન પાન-૭ પર

### નાણાંકીય વર્ષના અંતિમ દિવસે

# મનપાને રૂ. ૧ કરોડ ૫૦ લાખ મિલ્કતવેરાની આવક થઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં આજે નાણાંકીય વર્ષના અંતિમ દિવસે મિલ્કતવેરાની આવક રૂ. ૧ કરોડ ૫૦ લાખ નોંધાઈ છે.

મહાનગરપાલિકાએ આ વખતે મિલ્કતવેરાની વસુલાત આક્રમક રીતે હાથ ધરી હતી. મનપાએ આ વખતે મિલ્કતવેરાની વસુલી પેટે રૂ. ૫૨ કરોડ ૮૪ લાખની આવક મેળવી છે.

મળતી વિગતો પ્રમાણે મનપાને માર્ચ મહિનામાં જ મિલ્કતવેરાની આવક પેટે રૂ. ૪ કરોડ ૬૫ લાખથી વધુની આવક થઈ છે. માર્ચ મહિનામાં ૨૦૯૦ મિલ્કતધારકોએ મિલ્કત વેરો ભર્યો હોવાનું જાણવા મળેલ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧-૪-૨૨ થી ૩૧-૩-૨૩ દરમ્યાન મિલ્કતવેરાની આવક રૂ. ૫૨ કરોડ ૮૪ લાખ થઈ છે. આ નાણાંકીય વર્ષમાં ૮૯,૫૯૩ મિલ્કતધારકોએ તેમનો મિલ્કતવેરો ભર્યો છે.

શહેરમાં ૧ લાખ ૭૦ હજારથી વધુ મિલ્કતો આવેલી છે. તંત્ર દ્વારા કેટલીક વિવાદાસ્પદ અરજીઓ મિલ્કતવેરાની આકારણીને લઈ મળી હોવાનું સ્વીકાર્યુ છે.

જે વિવાદી અરજીઓ છે તેની આકારણીની કામગીરી હવે ૧-૪-૨૩ પછી એક સપ્તાહ બાદ શરૂ કરાશે. રાજ્ય સરકારના ૪૦ કરોડથી વધુની વસુલાત મિલ્કતવેરાની બાકી છે. જો કે કેટલીક કચેરીઓએ આ રકમ જમા કરાવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાએ ૩૦ થી વધુ એકમો સીલ કર્યા છે અને આ સીલ કરેલ મિલ્કતધારકો પાસેથી રૂ. ૧ કરોડ ૭૫ લાખથી વધુનો વેરો વસુલવાનો થાય છે.

# નવમીએ ક્લાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા અંગે તંત્રએ પ્રતિબંધાત્મક આદેશ જારી કર્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર ભરત જોશીએ આજે નવમી એપ્રિલે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર ક્લાર્ક સંવર્ગની પરીક્ષાનો લઈ મહત્વનું જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ છે.

આજે જારી કરાયેલ આ જાહેરનામામાં જણાવ્યાનુસાર ૧૨ જેટલી બાબતો પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થી અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ સિવાય કોઈને પ્રવેશ આપવામાં નહિ આવે, પરીક્ષાર્થી પોતાની સાથે કોઈપણ ઈલેક્ટ્રીકલ ગેઝેટ્સ સાથે રાખી શકશે નહિ, પરીક્ષા કેન્દ્રમાં પુસ્તક, સાહિત્ય કે કોઈપણ કાપલી કે ઝેરોક્ષ નકલો લઈ જઈ શકશે નહિ, પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જઈ શકાશે નહિ, પરીક્ષા કેન્દ્રની આસપાસ પાન-બીડીના ગલ્લા, ચા-પાણીની લારી પણ ચાલુ રાખી શકાશે નહિ, પરીક્ષા કેન્દ્રની આસપાસ મોટા-મોટા અવાજે લાઉડસ્પીકર પણ વગાડી શકાશે નહિ તેમ આ પ્રતિબંધાત્મક આદેશમાં સ્પષ્ટ જણાવાયુ છે.

ક્લાર્ક સંવર્ગની પરીક્ષા અગાઉ ફેબ્રુઆરી દરમ્યાન યોજવાની હતી પરંતુ પેપર લીક થતાં પરીક્ષા રદ કરાઈ હતી.

પરીક્ષાના આયોજન માટે તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે અને કર્મચારીઓને આ કામગીરી માટેની જવાબદારી આપતા હુકમો પણ જારી કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com